<u>ઈ-મેઇલ મેસેજ</u>

<u>પ્રતિ</u> :- ડાયરેકટરશ્રી, ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી.,ગાંધીનગર (gujinfo.gog@gmail.com )

<u>જાણ</u> :- (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર

(૨) અધિક પોલીસ મહાનિદેશક અને કમિશ્નરશ્રી તકનીકી સેવા, ગુ.રા., ગાંધીનગર (gswan-conn@gujarat.gov.in)

(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જૂનાગઢ વિભાગ, જૂનાગઢ

<u>પ્રેષક</u> :- પોલીસ અધિક્ષક, પોરબંદર.

**<u>નંબર</u>** :- કોમ્પ્યુટર/વેબસાઇટ અપલોડ/૧૭૫/૨૦૨૫ તા.૧૬/૦૬/૨૦૨૫

**<u>વિગત</u> :-**

સવિનય આપશ્રીની કચેરીના જીસ્વાન મેસેજ નં. જી૧(ક્રાઇમ)/ટે-૨/સારી કામગીરી/૧૭૮૧/૨૦૧૨, તા.૧૭/૦૫/૨૦૧૨ તથા ગૃહ વિભાગ ગાંધીનગરના નં.આઇટી/૧૦૨૦૧૧/૩૦/આઇટી સેલ/૨૦૧૨ તા.૧૨/૦૭/૨૦૧૨ અન્વયે પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૦૯/૦૬/૨૦૨૫ થી તા.૧૫/૦૬/૨૦૨૫** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

**મુદ્દા નંબર ૧:- પો.સ્ટે.માં ખોવાયેલ બાળકો માટે ઝુબેશ હાથ ધરવામા આવેલ હોય તે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ ચલાવામાં આવ્યુ હોય:-**

(૧) રાણાવાવ પો.સ્ટે. જા.જોગ રજી.નં.૧૬/૨૦૨૫, તા.૦૮/૦૬/૨૦૨૫ મુજબ ના કામે ગુમ થનાર ચંદ્રેશભાઇ રામદેભાઇ ગોઢાણીયા ઉ.વ.૩૫ વર્ષ રહે. ભુખીયા વાડી વિસ્તાર, હનુમાનગઢ ગામ, તા.રાણાવાવ જી.પોરબંદર વાળાને તા.૯/૬/૨૦૨૫ ના ક.૧૭/૨૦ વાગ્યાના અરશામાં રાણાવાવ પો.સ્ટે.ના HC એમ.પી.ખોડભાયા નાઓ દ્વારા હનુમાનગઢ ખાતેથી શોધી કાઢેલ છે.

(૨) કુતિયાણા પો.સ્ટે. પાર્ટ–A, ૦૨૬૫/૨૦૨૫ B.N.S. ક. ૧૩૭(૨), ૮૭ મુજબ ના કામે અપહરણ થનાર મનિષાબેન D/O મનસુખભાઇ પરમાર ઉ.વ.૧૭ વર્ષ, ૭ માસ, ૧૬ દિવસ રહે.ઘાસ ગોડાઉનની પાછળ, ખાગેશ્રી ગામ તા.કુતિયાણા જી.પોરબંદર વાળાને તા.૧૧/૬/૨૦૨૫ ના ક.૨૧/૪૫ વાગ્યાના અરશામાં જુનાગઢ જીલ્લાના કેશોદ તાલુકાના નોજણવાવ ગામ ખાતેથી કુતિયાણા પો.સ્ટે.ના HC પી.આર.ઓડેદરા PC મહેશભાઇ મેરામણભાઇ PC અલ્તાફભાઇ સમા તથા WLR જલ્પાબેન રણમલભાઇ નાઓએ શોધી કાઢેલ છે.

**મુદ્દા નંબર ૫:- વૃધ્ધો મહીલાઓ કે બાળકોની સુરક્ષા માટેની વિશિષ્ટ કામગીરી:-**

(૧) તા.૦૯/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા રેલ્વે સ્ટેશન રોડ શ્રી હાઇટ એપાર્ટ્મેન્ટ તથા aashirvad apartment" ના સિક્યુરીટી ગાર્ડ /વોચમેનની મુલાકાત લઈ સી.સી.ટી.વી. કેમેરા ચાલુ છે કે કેમ તે બાબતેની તથા કેમેરા ચાલુ રાખવા તેમજ તેની યોગ્ય જાળવણી કરવા બાબતે યોગ્ય સલાહ આપવામાં આવી. ચોપાટી વિસ્તારમા ભાઈઓની સંખ્યા વધુ પ્રમાણમા હોય જેઓને એકઠા કરી ટ્રાફિક અવરનેશ કાર્યક્રમ કરવામા આવેલ. તેમજ ટ્રાફીકને લગત માહિતી તથા સાયબર હેલ્પ લાઇન નંબર 1930 વિષે માહિતગાર કરેલ.

(૨) તા.૧૦/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી /કર્મચારી દ્વારા લીમડા ચોક શાક માર્કેટ ખાતે પેટ્રોલિંગ દરમ્યાન સીનીયર સીટીઝનની મુલાકાત લઇ તેઓને કોઇ તકલીફ હોય તો પોલીસ કંટ્રોલ રૂમ માં 100 નંબર માં ફોન કરી મદદ મેળવવી તેવી સમજ કરેલ અથવા નજીકના પોલીસ સ્ટેશનમાં મદદ માટે જવાની સમજ કરેલ. તેમજ કાયદાકીય માર્ગદર્શન આપેલ તેમજ તમારા બેંક ખાતામાંથી રૂપિયા ઉપડી ગયા હોયતો સાયબર ક્રાઇમની અથવા સાયબર હેલ્પ લાઇન નંબર 1930 ની હેલ્પ લાઇન નંબરની મદદ લેવી તેવી સમજ કરેલ

(૩) તા.૧૧/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી /કર્મચારી દ્વારા મહિલાઓની મુલાકાત લઇ અને મહિલા /બહેનોને સુરક્ષા સંબંધે સલાહ સુચન આપેલ કે તમો બહેનો રાત્રે નોકરીએથી છૂટી ઘરે જતા હોય ત્યારે રસ્તામાં તમોને કોઈ લુખ્ખા આવારા તત્વો હેરાન પરેશાન અથવા પજવણી કરે તો 100 નંબરમાં ફોન કરી પોલીસ મદદ મેળવવા માર્ગદર્શન આપેલ. તેમજ 181 નંબર માં ફોન કરી મહિલા હેલ્પલાઇન માં ફોન કરી મદદ મેળવવા માર્ગદર્શન આપેલ.

(૪) તા.૧૨/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા વીમાર્ક મોલમાં નોકરી કરતી મહિલાઓની મુલાકાત લીધેલ અને ત્યાં નોકરી કરતી મહિલાઓને સુરક્ષા તેઓ રાત્રે આઠ વાગ્યા પછી પોતાના ઘરે સુરક્ષીત પહોચે તે બાબતે માર્ગદર્શન આપેલ. તેમજ કર્લીના પુલ વિસ્તારમાં અવાવરૂ જ્ગ્યાયે પેટ્રોલીંગ કરી ત્યા કોઈ નવજાત બાળકોને ત્યજી દેવામા આવેલ નથી. તેમજ છાંયા રોડ પર આવેલ “ સીધ્ધાર્થ હોસ્પીટલ ” ગેર કાયદેસર ભ્રુણ પરીક્ષણની પ્રવુતી ચાલે છે,કે નહી જે બાબતે ખરાઈ કરતા આવી કોઈ પ્રવુતી જણાય આવેલ ન હોય તથા કમલાબાગ વિસ્તારમાં સીનીયર સીટીજનનોની મુલાકત લઈ તેને કોઈ મુશ્કેલી હોય તો પોલીસને જાણ કરવા તેમજ ઇમરજન્શીમા ડાયલ-૧૦૦ દ્વારા પોલીસ મદદ મેળવી શકે છે. તે બાબતે માર્ગદર્શન આપેલ તેમજ કમલાબાગ વિસ્તારમાં અવસર એપાર્ટમેન્ટ તથા શ્રીજી એપાર્ટમેન્ટના સીક્યુરીટી ગાર્ડ/ વોચમેનની મુલાકાત લઇ એપાર્ટમેન્ટમાં સી.સી.ટી.વી કેમેરા લાગેલ છે કે કેમ? તેની તપાસણી કરી તેમજ સી.સી.સી.ટી. કેમેરા બંધ હાલતમાં છે કે કેમ ? તેની પુછતાછ કરેલ. અને જો કેમેરા બંધ હોય તો ચાલુ કરવા/કરાવવા સુચના આપેલ.

(૫) તા.૧૩/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા ગોઠાણીયા કોલેજ પાછળ આવેલ અવાવરૂ જગ્યા તથા એસ.એસ.સી. ગ્રાઉન્ડ તથા કર્લીના પુલ પેટ્રોલીંગ કરી ત્યા કોઈ નવજાત બાળકોને ત્યજી દેવામા આવેલ નથી. જે બાબતે ખરાઈ કરતા આવુ કઈ મળી આવેલ ના હોય તેમજ ગોઢાણીયા કોલેજ વિસ્તારમાં પેટ્રોલિંગ દરમ્યાન મહિલા કર્મચારી દ્વારા રોમીયોગીરી કરતા ટપોરી ઇસમો ઉપર ડીકોય ગોઠવી ડીકોય અંગેની કામગીરી કરતા કોઈ ટપોરી ઇસમો મળી આવેલ ન હોય.

(૬) તા.૧૪/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા સાદિપની સ્કુલના બાળકોને એકઠા કરી જેઓને ઇન્ટરનેશનલ ડે અગેઇનસ્ટ ડ્રગ ડે ની ડ્રાઇવ અનુસંધાને નશીલા પદાર્થથી તથા માદક પદાર્થના ઉપયોગ તથા હેરાફેરીથી થતી આડ અસરો બાબતે સમાજમાં જાગૃતી કેળવવા સારૂ વિદ્યાર્થીઓને ડ્રગ્સ, ચરસ, ગાંજો, સીગારેટ, તમાકુ, ગુડકાઓનુ સેવન ન કરવા તેમજ દારૂ ન પીવાની સલાહ આપી તેમજ સાયબર ક્રાઇમ હેલ્પ લાઇન નં.૧૯૩૦ વિશે જાણકારી આપેલ તેમજ ઇમરજન્શીમા ડાયલ-૧૦૦ દ્વારા પોલીસ મદદ મેળવી શકે છે. તે બાબતે માર્ગદર્શન આપેલ તેમજ કર્લીનાપુલ પાસે આવેલ જ્યુરી વિસ્તારમા અવાવરૂ જગ્યાએ ચેક કરતા કોઈ નવજાત શીશુ ત્યજી દીધેલ નથી જે બાબતે ખરાઇ કરેલ.

(૭) તા.૧૫/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા વાડીપ્લોટ વિસ્તારમાં આવેલ (1) શ્રીજી એપાર્ટમેન્ટ તથા (૨) અશ્વમેઘ તથા (૩) સત્યનારાયણ એપાર્ટમેન્ટ એમ અમો ત્રણેય એપાર્ટમેન્ટમાં જઈને ત્યાં સીક્યુરીટી /વોચમેનની નોકરી કરતા તેઓની મુલાકાત લીધેલ અને એપાર્ટમેન્ટમાં સી.સી.ટી.વી. કેમેરા લાગેલ છે કે કેમ તે અંગે ખરાઈ કરેલ તેમજ જો સી.સી.ટી.વી. કેમેરા બંધ હોય તો ચાલુ કરવા માર્ગદર્શન આપેલ. તેમજ કોઈ બનાવ બને તો પોલીસ કંટ્રોલ રૂમ 100માં ફોન નંબરમાં કરી પોલીસ મદદ મેળવવા જરૂરી માહિતી આપેલ. તેમજ સિનિયર સીટીઝન હોય જેમા (૧) શાંતીલાલ ખીમજીભાઈ ગણગોટીયા (૨) રંજનબેન ભીખુભાઈ વાળા એઓની મુલાકાત લઈ તેને કોઈ મુશ્કેલી હોય તો પોલીસને જાણ કરવા તેમજ ઇમરજન્સીમા ૧૦૦ નં દ્વારા પોલીસ મદદ માટે મેળવી શકે છે. તે બાબતે માર્ગદર્શન આપેલ.

**મુદ્દા નંબર ૬:- અન્ય લોકહીતની બાબતો જે લોકોના તુરંત જ ધ્યાન પર આવે તેવી બાબતો વિગેરે**

(૧) તા.૧૧/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા પેટ્રોલિંગ હતા તે દરમ્યાન કમલાનહેરુ બાગમાં ગયેલ ત્યાં સિનિયર સિટીઝન મહિલાઓ જે બગીચામાં બેસવા આવેલ હોય તેઓની મુલાકાત

લીધેલ તેમજ આ સીનીયર સીટીઝન મહિલાઓને પ્રેમથી પુછેલ કે તમારા પરિવારમાં તેમને તમારા સંતાનો જેમાં કે દિકરા વહુ તમારી સારસંભાળ સારી રીતે રાખે છે ને જો તમારા સંતાનો એટલે કે દિકરો અને તેની વહુ તમને હેરાન પરેશાન કરે અથવા તમે બીમાર પડો ત્યારે તમને હોસ્પિટલ સારવાર અર્થે ન લઈ જાય અને વૃદ્ધાવસ્થામાં તમારા સંતાનો એટલે કે દીકરો અને દીકરાની વહુ તમારી પ્રોપર્ટી મકાન મિલકત પોતાના નામની કરાવી લઈને વૃદ્ધ મા બાપને ઘરની બહાર કાઢી મૂકે તો અથવા વૃદ્ધાશ્રમમાં મોકલી દેવા છે એવું કહેતા હોય તો અથવા પ્રોપર્ટી લગત સીનીયર સીટીઝનને અન્ય કોઈ પ્રશ્ન હોય તો પોલીસની મદદ મેળવવા પોલીસ કંટ્રોલ રૂમમાં 100 નંબરમાં ફોન કરી મદદ મેળવવા સમજ કરેલ તેમજ તમો જ્યાં રહેતા હોય ત્યાં નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા મદદ મેળવવા માહિતી આપી તેમજ વિધવા બહેનોને વિધવા સહાયનો લાભ સરકારશ્રી તરફથી મળે છે જે વિશે વિસ્તૃત માહિતી આપેલ તેમ જ સિનિયર સિટીઝનને કોઈ કમાવા વાળું ન હોય તો એમને પણ સરકાર શ્રી દ્વારા પેન્શનનો લાભ મળે છે જે પેન્શન યોજના વિશે વિસ્તૃત જરૂરી છે માહિતી આપી /માર્ગદર્શન આપેલ.

(૨) તા.૧૨/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા સાંદિપનિ વિદ્યાનિકેતન મંદીરના બગીચે મહિલાઓ તેના બાળકો સાથે ફરવા આવેલ. મહિલાઓને એકઠી કરી મહિલા જાગૃતિનો કાર્યક્રમ કરેલ. જેમાં મહિલાઓને ઘરેલુ હિંસા બાબતે માહિતી આપેલી તેમ જ કોઇપણ મહિલાને તેમના પતિ કે સાસરીયા પક્ષ તરફથી કે દુઃખ ત્રાસ આપતા હોય તો મહિલા પોલીસ સ્ટેશનમાં આવીને અરજી કરવાથી મહિલા પો.સ્ટે. પ્રથમતો બંને પતિ-પત્નીને બોલાવી બંને પક્ષનું કાઉન્સીલીગ કરાવીએ છીએ અને બંને પક્ષનું સમાધાન કરાવીએ છીએ ઘણીવાર એવું પણ બને છે કે મહિલાને તેનો પતિ અવારનવાર શારીરિક માનસિક દૂખ ત્રાસ આપી માર મારતો હોય તો સામા વાળા વિરુદ્ધ મહિલાની ફરિયાદ લઈ તે ફરિયાદ આધારે સામાવાળા વિરુધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે અને સુલહભંગ થતો અટકાવવા સામાવાળાના જામીન લેવડાવવામાં આવે છે જે વિશે વિસ્તૃત માહિતી આપેલ. તેમજ પોલીસ મદદ માટે 100 નંબર તથા 181 મહિલા હેલ્પ લાઇન વિશે જરૂરી માહિતી આપેલ તેમજ 18 વર્ષથી નાની વયની દીકરીઓ જે ફોન વાપરે છે અને ફોનમાં facebook અને instagramનો ઉપયોગ કરતી હોય છે જેમાં અજાણી વ્યક્તિ ફ્રેન્ડશીપની રિક્વેસ્ટ મોકલે તો તે સ્વીકારવાની નહીં જે વિશે જરૂરી માર્ગદર્શન આપેલ તેમજ 1930 સાયબર ક્રાઇમ વિષે જરૂરી માહિતી આપેલ તેમજ નવા ત્રણ કાયદા વિષેની સમજ કરેલ તેમજ પોકસો એકટ વિશે જરૂરી કાયદાકીય માહિતી આપી મહિલા જાગૃતિનો કાર્યક્રમ કરેલ.

(૩) તા.૧૨/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા કમલાબાગ વિસ્તારમાં આવેલ વીમાર્ટ મોલમાં નોકરી કરતી મહિલાઓની મુલાકાત લીધેલ અને ત્યાં નોકરી કરતી મહિલાઓને સુરક્ષા સંબંધે સલાહ સૂચન આપેલ કે તમો બહેનો રાત્રે મોલમાંથી નોકરીએથી છૂટી ઘરે જતા હોય ત્યારે રસ્તામાં તમોને કોઈ લુખ્ખા આવારા તત્વો હેરાન પરેશાન અથવા પજવણી કરે તો 100 નંબરમાં ફોન કરી પોલીસ મદદ મેળવવા માર્ગદર્શન આપેલ. તેમજ 181 મહિલા હેલ્પલાઇન માં ફોન કરી મદદ મેળવવા માર્ગદર્શન આપેલ. તેમજ તમો નોકરી પૂરી કરી ઘરે સુરક્ષિત પહોંચો છો ને જે બાબતે માહિતી મેળવેલ. તેમજ તમે જ્યાં નોકરી કરો છો ત્યાં નોકરીના સ્થળે તમારી સાથે જાતીય સતામણી કે તમારું શોષણ થતું હોય તો નજીકના પોલીસ સ્ટેશન અથવા મહિલા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા માર્ગદર્શન આપેલ. જેમાં ભોગ બનનારનું નામ ગુપ્ત રાખવામાં આવે છે છાપામાં કે ટીવીમાં ભોગબનનારનું નામ ગુપ્ત રાખવામાં આવે છે જે વિશે જરૂરી માહિતી આપેલી નોકરીએથી ઘરે જતા આવતા રસ્તામાં કોઈ વ્યક્તિ ઈસમ હેરાન પરેશાન કરે તો મહિલા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા જણાવેલ. તેમજ મહિલા હેલ્પલાઇન ૧૮૧ માં કોલ કરી મદદ લેવા તેમજ 100 નંબર માં ફોન કરી પોલીસ મદદ મેળવવા માહિતગાર કરેલ. જે બાબતેની કાયદાકીય માહિતી આપેલ. તેમજ 1930 નંબર સાયબર ક્રાઇમ વિશે જરૂરી કાયદાકીય માર્ગદર્શન આપેલ.

(૪) તા.૧૨/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા કમલાબાગ વિસ્તાર પેટ્રોલિંગમાં હતા દરમ્યાન કાવેરી હોટલ પાસે જલારામ કોલોનીમાં રહેતા સિનિયર સિટિજનોની મુલાકાત લીધેલ અને તેમને અમોએ કહેલ કે તેમને તમારા સંતાનો દિકરા કે દિકરાની વહુ હેરાન પરેશાન કરતા નથીઅને તમો જ્યારે બીમાર પડો ત્યારે તમને તમારા સંતાનો હોસ્પિટલમાં સારવાર અર્થે હોસ્પિટલમાં લઈ જાય છે કે નહીં જે બાબતે પૂછતાછ કરેલ તેમજ

ઘણી વખત એવું પણ બને છે કે દીકરા વહુ મા-બાપની સંપત્તિ ફોસલાવીને પોતાના નામની કરાવી લે છે અને પછી મા-બાપને દુઃખ ત્રાસ આપે છે અથવા વૃદ્ધાશ્રમમાં મૂકવાનું કહેતા હોય છે તમોને તમારા સંતાનો હેરાન પરેશાન કરેતો 100 નંબર માં ફોન કરી પોલીસ મદદ મેળવવા માહિતી આપેલ તેમજ નજીકના પોલીસ સ્ટેશનમાં મદદ મેળવવા માહિતી આપેલ. તેમજ 60 વર્ષે સરકાર શ્રી દ્વારા મળતા પેન્શન યોજનાના લાભ વિશે પણ જરૂરી માહિતી આપેલ.

(૫) તા.૧૨/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા બ્રાહ્મણ સોસાયટીમા આવેલ સાંઈબાબા મંદીરે દર્શન કરવા આવેલ મહિલા ઓને એકઠા કરી મહિલા ઓને મહિલાજાગૃતિનો કાર્યક્રમ કરેલ જેઓને ઘરેલુ હિંસા બાબતે માહિતી આપેલી તેમજ કોઇ બહેનને તેમના પતિ ત્રાસ આપતા હોય તો મહિલા પોલીસ સ્ટેશનમાં આવી ને અરજી આપસે એટલે બન્ને પતિ પત્ની ને બોલાવી કાઉન્સલીગ કરાવીને સમાધાન કરાવસુ તેમજ મહિલાઓને સાસરીયા પક્ષ તરફથી શારીરિક માનસિક દુઃખ ત્રાસ કે દહેજ બાબતે મહિલાને હેરાન પરેશાન કરવામાં આવે તો સુરક્ષા સંબંધે મહિલા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા માર્ગદર્શન આપેલ તેમજ 100 નંબરમાં, 181 હેલ્પ લાઇનની મદદ લેવી જરૂરી તેમજ કાયદાકીય માર્ગદર્શની માહિતી આપેલ. તેમજ નાની દિકરી ઓને ફોનમા ફેસબુક, ઇન્ટ્રાગ્રામ ન વાપરવાની સમજ કરેલ તથા 1930 સાયબર ક્રાઇમ વિષે જરૂરી માહિતી આપેલ તેમજ નવા ત્રણ કાયદા વિષે ની સમજ કરેલ.

(૬) તા.૧૨/૦૬/૨૦૨૫ ના રોજ પો.અધિ.શ્રીની કચેરીના NR.NO.192 ક્રમાંક. એસઓજી 26 June ઇન્ટર નેશનલ ડે અંગે ઇન્સટ ડ્રગ ડે /733/2025 તારીખ 12/6/2025 ડ્રાઈવ અન્વયે મહિલા પોસ્ટે ના પી.એસ.આઇ કે.એમ.સૈયદ તથા પો.કોન્સ. લતાબેન તથા તેજલબેન સાથે સંકલનમાં રહીને ચોપાટી ક્રિકેટ ગ્રાઉન્ડમાં ભાઈઓ ક્રિકેટ રમતા હોય જેવોને તથા રેલવે સ્ટેશન પાન ની દુકાન પાસે ઉભેલ ભાઈઓને ડ્રગ્સના દૂષણને નાબૂદ કરવા અંગે અવરનેસ જાગૃતિ કાર્યક્રમ કરેલ ભાઈઓને કહેલ કે કોઈપણ દેશના ભવિષ્ય અને પ્રગતિ માટે સૌથી મોટી બાધા છે નશો એક અભિશાપ છે પરંતુ લોકો તેમાં વધારે ભાગ લે છે આજના સમયમાં વધારે પ્રમાણમાં યુવાન વર્ગ તેની તરફ આકર્ષાઈ રહ્યું છે નશીલા પદાર્થના ઉપયોગથી માણસ શારીરિક માનસિક અને સામાજિક રૂપથી નુકસાન થાય છે તેમજ નશાના કારણે માણસ સારા અને ખરાબ વચ્ચેનો ફર્ક ભૂલી જાય છે આપણે એક મજબૂત રાષ્ટ્ર બનાવવા માટે નશા જેવી વસ્તુને જડથી ઉખેડી ફેકવી પડશે આજના સમયમાં એવી ઘણી સંસ્થાઓ છે જે નશા મુક્તિ માટે અભિયાન ચલાવે છે નશાથી થનારા દૃષ્ટ પરિણામ ઘણા હાનિકારક હોય છે લોકો વિચારે છે કે નશો કરવાથી તેમના બધા દુઃખો દૂર થઈ જશે નશો કરવાથી દુઃખ દૂર થતા નથી દુઃખમાં વધારો થાય છે નશો કરવાથી ઘણી બધી બીમારીઓ થાય છે તથા ઘણા આંતરિક અંગો ખરાબ થઈ જાય છે નશાની ટેવ ન કેવળ માણસને નુકસાન પહોંચાડે છે પરંતુ પરિવાર અને સમાજને પણ નુકસાન કરે છ જે વિશે ભાઈઓને નશા મુક્તિ વિશે માહિતી આપી ડ્રગ્સ નશા મુક્તિ જાગૃતિનો કાર્યક્રમ કરેલ.

(૭) તા.૧૩/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા સાંદીપની સ્કૂલમાં ધો.૧૦ થી ૧૨ ના વિદ્યાર્થીઓને એકઠા કરેલ જેઓને ઇન્ટરનેશનલ ડે અગેઇનસ્ટ ડ્રગ ડે ની ડ્રાઇવ અનુસંધાને નશીલા પદાર્થથી તથા માદક પદાર્થના ઉપયોગ તથા હેરાફેરીથી થતી આડ અસરો બાબતે સમાજમાં જાગ્રુતી કેળવવા સારૂ વિદ્યાર્થીઓને ડ્રગ્સ, ચરસ, ગાંજો, સીગારેટ, તમાકુ, ગુડકાઓનુ સેવન ન કરવા તેમજ દારૂ ન પીવાની સલાહ આપી તેમજ તમાકુ અને ગુડકાનુ સેવન કરવાથી કેન્સર જેવા ભયંકર રોગ થાય છે તેમજ તમારા ફેફસા તથા કીડનીને પણ નુકશાન કરે છે તેમજ તમારા પરીવાર જનોને આર્થીક નુકશાન થાય છે તેમજ આ વ્યસન થી માણસનું મૃત્યુ પણ થાય છે અને તમે આજના આપણા ભારત દેશના ઉગતા સુરજ છો જેથી આ વ્યસનથી દૂર રહેવાનું વિધ્યાર્થીઓને માર્ગદર્શન આપવામા આવ્યુ તેમજ સાયબર ક્રાઇમ હેલ્પ લાઇન નં. ૧૯૩૦ વિશે જાણકારી આપેલ તેમજ ઇમરજન્શીમા ડાયલ-૧૦૦ દ્વારા પોલીસ મદદ મેળવી શકે છે. તે બાબતે માર્ગદર્શન આપેલ જે બાબતે સ્ટે.ડા.માં નોંધ કરી રીપોર્ટ ફાઈલે રાખવા નોંધ કરશો.

(૮) તા.૧૪/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા ખીજડીપ્લોટમાં આવેલ ટ્યુશન ક્લાસીસમા જઇ ધો.૧૦ ના વિદ્યાર્થીને એકઠા કરેલ. જેઓને ઇન્ટરનેશનલ ડે અગેઇનસ્ટ ડ્રગ ડે ની ડ્રાઇવ અનુસંધાને નશીલા પદાર્થથી તથા માદક પદાર્થના ઉપયોગ તથા હેરાફેરીથી થતી આડ અસરો બાબતે સમાજમાં જાગ્રુતી કેળવવા સારૂ વિદ્યાર્થીઓને ડ્રગ્સ, ચરસ, ગાંજો, સીગારેટ, તમાકુ, ગુડકાઓનુ સેવન ન કરવા તેમજ દારૂ ન પીવાની સલાહ આપી તેમજ સાયબર ક્રાઇમ હેલ્પ લાઇન નં. ૧૯૩૦ વિશે જાણકારી આપેલ તેમજ ઇમરજન્શીમા ડાયલ-૧૦૦ દ્વારા પોલીસ મદદ મેળવી શકે છે. તે બાબતે માર્ગદર્શન આપેલ.

(૯) તા.૧૪/૦૬/૨૦૨૫ ના રોજ પો.અધિ.શ્રીની કચેરીના NR.NO.192 ક્રમાંક. એસઓજી 26 June ઇન્ટર નેશનલ ડે અંગે ઇન્સ્ટ ડ્રગ ડે /733/2025 તારીખ 12/6/2025 ડ્રાઈવ અન્વયે મહિલા પોસ્ટે ના પી.એસ.આઇ કે.એમ.સૈયદ તથા પો.કોન્સ. વાલીબેન સંકલનમાં રહીને રેલવે સ્ટેશન પાન ની દુકાન પાસે ઉભેલ ભાઈઓને ડ્રગ્સના દૂષણને નાબૂદ કરવા અંગે અવરનેસ જાગૃતિ કાર્યક્રમ કરેલ ભાઈઓને કહેલ કે કોઈપણ દેશના ભવિષ્ય અને પ્રગતિ માટે સૌથી મોટી બાધા છે નશો એક અભિશાપ છે પરંતુ લોકો તેમાં વધારે ભાગ લે છે આજના સમયમાં વધારે પ્રમાણમાં યુવાન વર્ગ તેની તરફ આકર્ષાઈ રહ્યું છે નશીલા પદાર્થના ઉપયોગથી માણસ શારીરિક માનસિક અને સામાજિક રૂપથી નુકસાન થાય છે તેમજ નશાના કારણે માણસ સારા અને ખરાબ વચ્ચેનો ફર્ક ભૂલી જાય છે આપણે એક મજબૂત રાષ્ટ્ર બનાવવા માટે નશા જેવી વસ્તુને જડથી ઉખેડી ફેકવી પડશે આજના સમયમાં એવી ઘણી સંસ્થાઓ છે જે નશા મુક્તિ માટે અભિયાન ચલાવે છે નશાથી થનારા દૃષ્ટ પરિણામ ઘણા હાનિકારક હોય છે લોકો વિચારે છે કે નશો કરવાથી તેમના બધા દુઃખો દૂર થઈ જશે નશો કરવાથી દુઃખ દૂર થતા નથી દુઃખમાં વધારો થાય છે નશો કરવાથી ઘણી બધી બીમારીઓ થાય છે તથા ઘણા આંતરિક અંગો ખરાબ થઈ જાય છે નશાની ટેવ ન કેવળ માણસને નુકસાન પહોંચાડે છે પરંતુ પરિવાર અને સમાજને પણ નુકસાન કરે છ જે વિશે ભાઈઓને નશા મુક્તિ વિશે માહિતી આપી ડ્રગ્સ નશા મુક્તિ જાગૃતિનો કાર્યક્રમ કરેલ.

(૧૦) તા.૧૫/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા રેલ્વે સ્ટેશને ઉભેલ ભાઈઓને ડ્રગ્સ ના દૂષણને નાબૂદ કરવા અંગે અવરનેશ જાગૃતિ કાર્યક્રમ કરેલ ભાઈઓને કહેલ કે કોઈપણ દેશના ભવિષ્ય અને પ્રગતિ માટે સૌથી મોટી બાધા છે નશો એક અભિશાપ છે પરંતુ લોકો તેમાં વધારે ભાગ લે છે આજના સમયમાં વધારે પ્રમાણમાં યુવાન વર્ગ તેની તરફ આકર્ષાઈ રહ્યું છે નશીલા પદાર્થના ઉપયોગથી માણસ શારીરિક માનસિક અને સામાજિક રૂપથી નુકસાન થાય છે તેમજ નશા ના કારણે માણસ સારા અને ખરાબ વચ્ચેનો ફર્ક ભૂલી જાય છે આપણે એક મજબૂત રાષ્ટ્ર બનાવવા માટે નશા જેવી વસ્તુને જડથી ઉખેડી ફેકવી પડશે આજના સમયમાં એવી ઘણી સંસ્થાઓ છે જે નશા મુક્તિ માટે અભિયાન ચલાવે છે નશાથી થનારા દૃષ્ટ પરિણામ ઘણા હાનિકારક હોય છે નશો કરનાર લોકો વિચારે છે કે નશો કરવાથી તેમના બધા દુઃખ નશો કરવાથી દૂર થઈ જાય છે પરંતુ એ વાત ગલત છે નશો કરવાથી દુઃખ માં વધારો થાય છે નશો કરવાથી ઘણી બધી બીમારીઓ થાય છે તથા ઘણા આંતરિક અંગો ખરાબ થઈ જાય છે નશાની ટેવ ન કેવળ માણસને નુકસાન પહોંચાડે છે પરંતુ પરિવાર અને સમાજને પણ નુકસાન કરે છે જે વિશે જરૂરી માર્ગદર્શન આપી નશા મુક્તિ જાગૃતિ કાર્યક્રમ કરેલ અને ભાઈઓ ને અપીલ કરી કે ડ્રગ્સ ગાંજો ચરસ જેવા આવા નસીલા પદાર્થ કોઈ વેચાણ કરતુ હોય તો 100 નંબરમાં ફોન કરી જાણ કરવા માહિતી આપેલ ફોન કરનાર નું નામ ગુપ્ત રાખવામાં આવશે જે વિશે જરૂરી માહિતી આપી.

(૧૧) તા.૧૫/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા ચોપાટી પર રવિવારમાં ખરીદી કરવા આવેલ બહેનોની હાજરી વધુ પ્રમાણમા હોય. જેથી ડીકોય પેટ્રોલીગમાં ગયા ત્યા બહેનો તથા યુવા કિશોરીઓની વધુ પ્રમાણમા હાજરી હોય જેથી સાથે રહેલ મહિલા કર્મચારી દ્વારા રોમીયોગીરી કરતા ટપોરી ઇસમો ઉપર ડીકોય ગોઠવી ડીકોય અંગેની કામગીરી કરતા કોઈ ટપોરી ઇસમો મળી આવેલ ન હોય તથા ચોપાટી પાસે આવેલ રાજમહેલ પાસે અવાવરૂ જગ્યાએ કોઈ નવજાત શીશુ ત્યજી દીધેલ નથી ને તેની ખરાઇ કરતા ત્યાં આવું કોઈ ત્યજી દીધેલ નવજાત શીશુ મળી આવેલ નહીં

(૧૨) તા.૧૫/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા રેલ્વે સ્ટેશનમાં પેટ્રોલિંગ દરમ્યાન મહિલા કર્મચારી દ્વારા રોમીયોગીરી કરતા ટપોરી ઇસમો ઉપર ડીકોય ગોઠવી કોઈ ટપોરી ઇસમો મળી આવેલ ન હોય. તથા યુગાન્ડા રોડ પર આવેલ રિધ્ધિ ગાયનિક હોસ્પિટલમા ગેર કાયદેસર ભ્રુણ પરીક્ષણની ખરાઈ કરતા આવી કોઈ પ્રવુતી જણાય આવેલ ન હોય. તથા PSI-પી.એસ.ઝાલાસા તથા WLR બ.નં-૦૪૧નાઓ સાથે કુંભારવાડામા જઈ સિનિયર સીટિઝન હોય (૧) દિપક જે.વોરા (૨) વિક્રમ અરજન રાતીયા તેઓની મુલાકાત લઈ તેઓને કોઈ મુશ્કેલી હોય તો પોલીસને જાણ કરવા તેમજ ઇમરજન્સીમા ૧૦૦ નં દ્વારા પોલીસ મદદ માટે મેળવી શકે છે.

(૧૩) તા.૧૫/૦૬/૨૦૨૫ ના રોજ મહીલા પો.સ્ટે.ના પી.એસ.આઇ. એ.સી.નિમાવત તથા LRPC તેજલબેન સાથે સંકલનમાં રહીને ચોપાટી રવિવાર હોવાથી ફરવા આવેલ ભાઈઓની પાસે અમો જઈને ડ્રગ્સ ના દૂષણને નાબૂદ કરવા અંગે અવરનેશ જાગૃતિ કાર્યક્રમ કરેલ ભાઈઓને કહેલ કે કોઈપણ દેશના ભવિષ્ય અને પ્રગતિ માટે સૌથી મોટી બાધા છે નશો એક અભિશાપ છે પરંતુ લોકો તેમાં વધારે ભાગ લે છે આજના સમયમાં વધારે પ્રમાણમાં યુવાન વર્ગ તેની તરફ આકર્ષાઈ રહ્યું છે નશીલા પદાર્થના ઉપયોગથી માણસ શારીરિક માનસિક અને સામાજિક રૂપથી નુકસાન થાય છે અને વ્યક્તિ ને શરીર સ્થિતી નું ભાન રહેતું નથી તેમજ નશા ના કારણે માણસ સારા અને ખરાબ વચ્ચેનો ફર્ક ભૂલી જાય છે આપણે એક મજબૂત રાષ્ટ્ર બનાવવા માટે નશા જેવી વસ્તુને જડથી ઉખેડી ફેકવી પડશે તમે આજના આપણાં દેશ ના ઉગતા સુરજ છો અને આજના સમયમાં એવી ઘણી સંસ્થાઓ છે જે નશા મુક્તિ માટે અભિયાન ચલાવે છે નશાથી થનારા દૃષ્ટ પરિણામ ઘણા હાનિકારક હોય છે નશો કરનાર લોકો વિચારે છે કે નશો કરવાથી તેમના બધા દુઃખ દૂર થઈ જાય છે પરંતુ એ વાત ખોટી છે નશો કરવાથી દુઃખ માં વધારો થાય છે નશો કરવાથી ઘણી બધી બીમારીઓ થાય છે તથા ઘણા આંતરિક અંગો ખરાબ થઈ જાય છે નશાની ટેવ થી પરિવાર અને સમાજને પણ નુકસાન કરે છે જે વિશે જરૂરી માર્ગદર્શન આપી નશા મુક્તિ જાગૃતિ કાર્યક્રમ કરેલ અને ભાઈઓ ને અપીલ કરી કે ડ્રગ્સ ગાંજો ચરસ જેવા આવા નસીલા પદાર્થ કોઈ વેચાણ કરતુ હોય તો 100 નંબરમાં ફોન કરી જાણ કરવા માહિતી આપેલ ફોન કરનાર નું નામ ગુપ્ત રાખવામાં આવશે જે વિશે જરૂરી માહિતી આપી નશા મુક્તિ કાર્યક્રમ કરેલો.

( ઋતુ રાબા )
ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર